



શહેરમાં છેલ્લા બે દિવસથી હાઉકલી કરી અદ્રશ્ય થઈ જતા મેઘરાજા મન મુકીને વરસતા નથી. આજે પણ દિવસ દરમિયાન અસહ્ય ઉકળાટથી નગરજનો તોબા પોકારી ગયા હતા જયારે બપોરના સમયે શહેરના જુના સેકટરોના બેલ્ટમાં વરસાદનુ ધોધમાર ઝાપટુ વરસતા પાણી પાણી થઈ ગયુ હતુ. પરંતુ નવા સેકટરો કોરા રહ્યા હતા. વરસાદની પેટર્ન પણ કાંઈક નોખી જોવા મળી રહી છે.

# સામાન્ય સભા પૂર્વે પંચાયતના અસંતુષ્ટ જૂથની બેઠકથી રાજકીય ગરમાવો વધ્યો

**કોંગ્રેસ સામે કોંગ્રેસના જ સભ્યો; વિપક્ષને સાચવા વધુ ગ્રાન્ટ ફાળવણીના આક્ષેપો થયા**

ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગર જિલ્લા પંચાયતના કોંગ્રેસ પક્ષના અસંતુષ્ટ જૂથના સભ્યોની એક બેઠક ગાંધીનગર સ્થિત ખાનગી હોટલમાં મળી હતી અને જેમાં શનિવારે મળનારી સામાન્ય સભાની બેઠક માટેની અલગથી રણનીતિ તૈયાર કરવામાં આવી હતી.

પૂર્વ પ્રમુખ રામાજી ઠાકોર, સોનલબેન પટેલ, શારદાબેન મકવાણા, રમીલાબેન ચૌધરી, બાબુસિંહ સહિતના સભ્યો આ બેઠકમાં હાજર રહ્યા હતા. આ બેઠકમાં ૮ જેટલા સભ્યો હાજર રહ્યાની વાતથી પંચાયતના રાજકારણમાં પણ ગરમાવો જોવા મળ્યો હતો.

પંચાયત પ્રમુખ મંગુબેન પટેલ (ચૌધરી)એ પણ સભ્યોની

● અનુસંધાન પાન-૭ પર

# પૂર્વ ધારાસભ્યોના પડતર પ્રશ્નો અંગે અશ્વસ્થામા નીતિ સરકાર છોડે

ગાંધીનગર, તા. ૨૮

ગુજરાતના પૂર્વ ધારાસભ્યોના પડતર પ્રશ્નો સામે સરકાર જે અશ્વસ્થામા નીતિ અખત્યાર કરી રહી હોવાનો ગંભીર આક્ષેપ કાઉન્સીલના આગેવાનોએ કર્યો હતો.



તેમણે જણાવ્યુ હતુ કે પૂર્વ ધારાસભ્યોની કાઉન્સીલ દ્વારા સાત-સાત વખત પત્રો લખી રજુઆત કરવા અને રૂબરૂ મુલાકાત માટે સમય ફાળવવા જણાવવામાં આવ્યા પછી પણ કહેવાતી સંવેદનશીલ સરકારે જવાબ આપવાનું સૌજન્ય પણ દાખવ્યુ નથી. વિપક્ષના નેતાએ પણ આ મુદ્દે સંવેદના નથી દર્શાવી તેનુ દુઃખ આગેવાનોએ વ્યક્ત કર્યુ હતુ.

કાઉન્સીલને ભોંયતળિયે નાનકડી રૂમ ફાળવી હોવાનો રોષ વ્યકત કરતાં કાઉન્સીલના આગેવાનોએ કહ્યુ હતુ કે અમે થોડો સમય રાહ જોઈશુ પણ છતાંય જો વિધાનસભા સચિવાલય અમને જગ્યા અમારી જે હતી તે નહિ ફાળવે તો તાળુ મારી ચાવી અધ્યક્ષને સુપ્રત કરવાનો કાર્યક્રમ અમે યોજીશુ.

પૂર્વ મંત્રી જયનારાયણ વ્યાસ, પૂર્વમંત્રી બાબુભાઈ શાહ, પૂર્વમંત્રી વાડીભાઈ પટેલ, પૂર્વમંત્રી ભીખાભાઈ રબારી, પૂર્વ સંસદીય સચિવ મૂળરાજસિંહ પરમાર, પૂર્વ ધારાસભ્યો ફારૂક શેખ, ભૂપેન્દ્રભાઈ ખત્રીએ આજે પત્રકાર પરિષદમાં જણાવ્યુ હતુ કે અત્રે જે ધારાસભ્યોની આર્થિક સ્થિતિ સારી નથી તેમને પેન્શન આપવા માંગ કરી છે. અમે એવું નથી કહેતા કે આટલુ પેન્શન આપો પરંતુ સૈદ્ધાંતિક સ્વીકૃતિ આપી કમિટી રચી તેના માપદંડ નિયત કરો અને પછી કમિટીની ભલામણ પ્રમાણે આપો.

તેમણે કહ્યુ કે દેશના ૨૦થી વધુ રાજ્યોમાં સભ્યોને પેન્શન આપવામાં આવે છે. જેની વિગતો પણ પત્રકારોને આપી હતી.

આ આગેવાનોએ કહ્યુ કે સરકારે વોલ્વો બસની સુવિધા પૂર્વ સભ્યોને આપવાની વાત કરી તો નિગમના કર્મચારીઓ, અધિકારીઓ આ વાત સ્વીકારતા નથી. એટલુ જ નહિ પૂર્વમંત્રી ભીખાભાઈ રજુઆત કરવા ગયા તો બહાર વેઈટીંગમાં મેનો. ડિરેક્ટરે બેસાડી રાખ્યા અને પછી તેમની સામે જોઈ મ્હોં મચકોડી ચાલતા થયા. પૂર્વ સભ્યો અને પૂર્વ મંત્રીઓનું સન્માન જાળવવાની સૂચના સરકાર આપે અને સરકાર સરકાર તરીકે વર્તે તેવી અમારી માંગ છે.

પૂર્વ ધારાસભ્યોને આરોગ્યની સેવાઓ પણ ઉપલબ્ધ બને તે માટે તેમજ વિશ્રામ ગૃહમાં રૂમની ફાળવણી અને આતિથ્ય સત્કાર પુરેપુરા સન્માન સાથે થાય તે પણ સરકાર જુએ તેવી અમારી માંગણી છે.

આ આગેવાનોએ કહ્યુ હતુ કે તમે પણ કાલે પૂર્વ થશો તો તમારી સાથે આવો વ્યવહાર તંત્ર કરી શકે છે એ ધ્યાને રાખવુ જોઈએ. વર્તમાન સભ્યોના પગાર-ભથ્થા અને પૂર્વ સભ્યોને જે પગાર મળતો હતો તેમાં મોટો તફાવત છે. આ બાબતે સરકારે સકારાત્મક રીતે વિચારણા કરવી જોઈએ તેવુ અમારૂ સ્પષ્ટ માનવુ છે.

# શહેરમાં અષાઢી બીજે ભવ્ય રથયાત્રા

**ભગવાન જગન્નાથજીની દિવ્ય રથયાત્રાને અનુલક્ષી ભવ્ય તૈયારી : રથયાત્રામાં હાથી ઘોડા અને બેન્ડવાજા ઉપરાંત ૭૫ વાહનો જોડાશે : સેકટરોમાં ભગવાનના રથનુ સ્વાગત કરવા માટે ભાવિકો ઉત્સુક :ઘોડેસવાર યુવાનો પણ કરતબ કરશે**

## ભગવાનનો રથ ખેંચવા માટે વધુ ૨૫ યુવાનો જોડાશે

ભગવાન જગન્નાથજીની રથયાત્રામાં છેલ્લા ૩૫ વર્ષથી પંચદેવ યુવક મંડળના યુવાનો ભગવાનનો રથ ખેંચવાનુ પવિત્ર કાર્ય કરે છે. ગુજરાતમાં સૌથી લાંબો રૂટ ધરાવતી નગરની આ રથયાત્રા દરમિયાન પંચદેવ મંદિરના યુવાનો અતુટ શ્રધ્ધા અને ધાર્મિક ભાવના સાથે સહીયારા પ્રયાસથી રથને આગળ વધારે છે. જયરણછોડ માખણચોરના જયઘોષ સાથે આગળ વધતી રથયાત્રાના રથને આગળ ખેંચવા માટે સેકટરોમાં કેટલાક સ્થળે ભાવિકો બે ઘડી રથને આગળ ખેંચવા માટે જોડાય છે. રથને આગળ ખેંચવા માટે આ વર્ષે રથયાત્રામાં નવા ૨૫ યુવાનોએ પણ તૈયારી દર્શાવી છે. આ યુવાનો ભગવાનના રથને આગળ વધારવા માટે જોડાશે.

## રથયાત્રામાં ૧૫ ભજન મંડળીઓ પણ જોડાશે

રથયાત્રામાં જય રણછોડ માખણચોરના ધાર્મિક સુત્રોચ્ચાર સાથે અનેક સંસ્થાઓ તેમજ ભજન મંડળીઓ પણ જોડાય છે. ડી જે અને બેન્ડવાજા સાથે ભગવાનનો દિવ્ય રથ સેકટરોનુ પરિભ્રમણ કરશે જયારે આ દરમિયાન રથયાત્રામાં શહેર ઉપરાંત આસપાસના ગામોની વિવિધ ભજન મંડળીઓ પણ સામેલ થશે. રથયાત્રાના રૂટમાં સતત ભજનના સુરો પણ રેલાશે. શહેર ઉપરાંત આસપાસના ગામોમાંથી ૧૫ જેટલી ભજન મંડળીઓ પણ રથયાત્રામાં સામેલ થશે.

## ભગવાનનો દિવ્ય રથ વધુ ભવ્ય બનાવાયો

ભગવાન જગન્નાથજીની ૩૫ મી રથયાત્રાને અનુલક્ષીને તડામાર તૈયારીઓ ચાલી રહી છે. શહેરમાં ૩૧ કી મીના રૂટમાં ભગવાનનો રથ પરિભ્રમણ કરશે. જયારે આ લાંબા રૂટમાં ભગવાનનો રથ નિર્વિઘ્ને આગળ વધે તે માટે પણ પુરતી આનુસંગિક વ્યવસ્થાઓને ધ્યાને રાખવામાં આવી છે. જેમાં રૂટમાં આવતા વૃક્ષોનુ પણ યોગ્ય ટ્રીમીંગ થાય તેની પણ તકેદારી રાખવામાં આવી છે. આ ઉપરાંત ભગવાનના રથનુ પણ આ વર્ષે નવિનીકરણ કરાયુ છે. જેમાં રથની નીચેનો ભાગ બેરીંગ સહીત નવિનીકરણ કરાયુ છે. જેના લીધે રથની પહોળાઈ પ્રમાણમાં વધી છે. આ ઉપરાંત કલરકામ પણ કરાયુ છે. ભગવાનના રથને સંપુર્ણ નવો ઓપ આપવામાં આવ્યો છે. આ માટે રથયાત્રા સમિતિ દ્વારા રૂ ૧.૭૫ લાખનો ખર્ચ કરાયો છે.

## રથયાત્રા સમિતિ શહેરમાં સમાજસેવાના કામો પણ કરશે

ભગવાન જગન્નાથજીની રથયાત્રાનો પ્રારંભ શહેરમાં સામાજિક સમરસતા તેમજ પ્રેમ અને ભાઈચારાના સંદેશ સાથે થયો હતો. જયારે ધર્મની સાથે સેવાનો પણ અનોખો સમન્વય રથયાત્રા મહોત્સવ દરમિયાન જોવા મળે છે. રથયાત્રા સમિતિ દ્વારા અત્યાર સુધી બે વાર સેવા કાર્યમાં દાન આપી માનવતાનો ધર્મ પણ નિભાવાયો છે. અગાઉ રથયાત્રા સમિતિ દ્વારા સૈનિક ફાળામાં ૨૫ હજાર તેમજ કેદારનાથમાં આવેલી કુદરતી હોનારત વેળાએ પણ રૂ ૨૫ હજારની આર્થિક સહાય આપી હતી. રથયાત્રા સમિતિ દ્વારા આગામી દિવસોમાં સમાજ સેવા માટે પણ કાયમી પ્રવૃતિ હાથ ધરવા પણ વિચારણા હાથ ધરવામાં આવી હોવાનુ પણ પંચદેવ મંદિરના ધર્માધ્યક્ષ ફુલશંકર શાસ્ત્રીએ જણાંવ્યુ છે.

ગાંધીનગર તા ૨૮

ભગવાન જગન્નાથજીની ૩૫ મી રથયાત્રાને અનુલક્ષી નગરમાં તડામાર તૈયારીઓ ચાલી રહી છે. આગામી તા ૪ જુલાઈના રોજ સવારે ૭ કલાકે ભગવાન



જગન્નાથજીની રથયાત્રા સે-૨૨ સ્થિત પંચદેવ મંદિરથી પ્રસ્થાન કરશે. રથયાત્રામાં ભગવાનના દિવ્ય રથ સાથે હાથી ,ઘોડા અને બેન્ડવાજા સાથે ૭૫ જેટલા વાહનો તેમજ મોટી સંખ્યામાં ભાવિકો જોડાશે. ભગવાનના મોસાળમાં સે-૨૯ સ્થિત જલારામ ધામ ખાતે ૭ હજાર જેટલા ભાવિકોને મોહનથાળ તેમજ ખીચડીનો મહાપ્રસાદ પીરસવામાં આવશે. રથયાત્રા શાંતિપુર્ણ માહોલમાં શિસ્તબદ્ધ રીતે યોજાય તે માટે પણ રથયાત્રા સમિતિએ અપીલ કરી છે. જય રણછોડ ..માખણચોર..ના જયઘોષ સાથે પ્રસ્થાન થનારી રથયાત્રાના સ્વાગત માટે સેકટરમાં ભાવિકો પણ ઉત્સુક બન્યા છે.

ગાંધીનગરમાં આગામી અષાઢી બીજના રોજ ભગવાન જગન્નાથજીની ૩૫ મી ભવ્ય રથયાત્રા નિકળશે. જેને અનુલક્ષી રથયાત્રા સમિતિ દ્વારા તડામાર તૈયારીઓ કરવામાં આવી રહી છે. જયારે ભાવિકો તેમજ નગરના વેપારીઓ અને રહીશો પણ રથયાત્રાના ભવ્ય સ્વાગતની તૈયારીમાં લાગી ગયા છે. ભગવાન જગન્નાથજીની રથયાત્રાને અનુલક્ષીને આ વર્ષે ભગવાનના રથનુ નવિનીકરણ કરાયુ છે. રથયાત્રાના આયોજન અંગે

● અનુસંધાન પાન-૭ પર

# તાલુકા પંચાયતની સામાન્ય સભાના સંચાલનમાં પ્રમુખ પતિની સક્રિય ભૂમિકાથી રાજકીય વિવાદ

ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગર તાલુકા પંચાયતની આજે મળેલ સામાન્યસભાનું સંચાલન પ્રમુખ પતિ અને ભાજપના મહામંત્રી આઈ.બી. વાઘેલાએ કરતાં આજે પંચાયતના વર્તુળોમાં તે મુદ્દો ભારે ગરમાગરમ ચર્ચાનો બની રહ્યો હતો. આ બાબતે ભાજપના આગેવાનોએ મૌન ધારણ કર્યુ છે તો કોંગ્રેસ પણ સ્ત્રી શસક્તિકરણની વાતો જ ભાજપ કરે છે તેમ કહી મૌન ધારણ કરે છે. રાજકીય વિવાદ ઉભો થતાં હવે સૌની નજર સરકાર પર મંડાઈ છે.

ગાંધીનગર તાલુકા પંચાયતના કેમ્પસની બહાર હોલના સમિતિ ખંડમાં મળેલ સામાન્ય સભાની બેઠકના આરંભે જ કારોબારી સમિતિને તેની સત્તાઓ સોંપવામાં આવે તે મુદ્દો ઉછળ્યો હતો. આ વખતે જ વાઘેલાએ સામાન્યસભા તેના એજન્ડા મુજબ ચાલશે અને આ બાબતે તમે ખાસ સામાન્ય સભા બોલાવવાની માંગ કરો ત્યારે નિર્ણય લેવાશે.

આ પછી કોંગ્રેસે લેખિતમાં માંગણી કરતો પત્ર પણ ટી.ડી.ઓ.ને સુપ્રિત કર્યો હતો. કારોબારીની સત્તાઓ સોંપવા બાબતે કોંગ્રેસને આ ત્રીજી પછડાટ ખાવી પડી છે.

આ પછી શૌચાલયો ગામના ઘરોની સંખ્યા કરતાં પણ કેટલાક ગામોમાં વધુ બન્યા હોવાનુ તેમજ આ શૌચાલય બનાવનાર સખી મંડળોને લાખોમાં બિલના ચુકવણા કરાયા હોવાની ફરિયાદ સામાજિક ન્યાય સમિતિના ચેરમેન પ્રકાશભાઈ વાણિયાએ કરી હતી.

આ મુદ્દે સભામાં પણ સારી એવી ઉત્તેજના જગાવી હતી. પરિસ્થિતિને સંભાળી લેતાં પ્રમુખે આ માટે પાંચ સભ્યોની તપાસ સમિતિ રચવાની જાહેરાત કરી હતી અને સમિતિ ત્રણ માસમાં જ પોતાનો અહેવાલ સામાન્ય સભાને આપશે તેમ જણાવ્યુ હતુ.

આજની આ બેઠકમાં પ્રમુખને વિકાસ કામો માટે ફાળવવામાં આવેલ રકમને લઈ પણ ઉગ્ર ચર્ચાઓ થઈ હતી. જોકે આ મુદ્દે ભાજપ-કોંગ્રેસના સભ્યો બરાબર એકબીજાને ભિડાઈ ગયા હતા. આથી ઉશ્કેરાયેલા અને કોંગ્રેસના બે સભ્યોની ગેરહાજરી ધ્યાને આવતાં પ્રમુખે મતદાન કરાવવાનો નિર્ણય લેવાની ચીમકી આપી હતી. આથી કોંગ્રેસના કેટલાક સભ્યોએ વચલો માર્ગ અપનાવી વધારાની રકમના ૭૦ ટકા પ્રમુખ અને ૧૫ ટકા સામાજિક ન્યાય સમિતિના ચેરમેન તેમજ ૧૫ ટકા કારોબારી સમિતિના ચેરમેનને ફાળવવાની ફોર્મ્યુલા રજુ કરી પરિસ્થિતિને થાળે પાડી હતી.

આજની બેઠકમાં બે નવા કોમ્પ્યુટરની ખરીદી સહિતની અન્ય બાબતોને મંજૂર કરી દેવામાં આવી હતી. એક કલાક જેટલો સમય આ સામાન્ય સભા ચાલી હતી.



હરિયાળુ સ્વપ્ન - હરિયાળા ગાંધીનગરનું સ્વપ્ન સાકાર કરવા પરિશ્રણ આરંભાયો છે... વન વિભાગની આરક્ષિત જગ્યામાં રોપાઓનું વાવેતર કરવા વ્યાપક પ્રમાણમાં ખાડા ખોદાઈ રહ્યા છે... આગામી દિવસોમાં વન વિભાગ દ્વારા શહેરમાં ૪૦ હજારથી વધુ રોપાઓ વાવવાનું આયોજન કરાઈ રહ્યું છે... જયારે મહાનગરપાલિકા અને સ્વૈચ્છિક સંસ્થાઓ પણ વ્યાપક રીતે વૃક્ષારોપણના આયોજન કરી રહ્યા છે...

# સરગાસણમાં પાણી શુધ્ધિકરણ પ્લાન્ટ તૈયાર કરવા ટુંકમાં કામ શરૂ કરાશે

**નવો ૫૦ એમ એલ ડી નો પ્લાન્ટ તૈયાર કરવામાં આવશે : જી ઇ બી થર્મલ પાવર સ્ટેશન ઉપરાંત નગરના અન્ય ઉદ્યોનોને પણ પાણી સપ્લાય કરાશે**

ગાંધીનગર તા ૨૮

ગાંધીનગરના ઉદ્યાનોને પાણી સપ્લાય કરવા માટે સરગાસણમાં નવા ૫૦ એમ એલ ડી નો પાણી શુધ્ધિકરણનો પ્લાન્ટ તૈયાર કરાશે. આ પ્રોજેકટને અનુલક્ષી ટેન્ડર પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે. જેના અંતે નવા પ્લાન્ટનુ કામ પણ ટુંકમાં શરૂ કરી દેવાશે. પાણી શુધ્ધિકરણ પ્લાન્ટની કામગીરીના અંતે નગરના ઉદ્યાનો તેમજ જી ઈ બી થર્મલ પાવર સ્ટેશનને પણ પાણી સપ્લાય કરવામાં આવશે.

ગાંધીનગરમાં પાણી જરૂરિયાત સંતોષવા માટે પ્રતિદિન ૫૫ એમ એલ ડી જેટલો સપ્લાય આપવામાં આવે છે. શહેરમાં પાણીની જરૂરિયાત માટે પ્રતિવર્ષ સરકાર કરોડો રૂપિયાનો ખર્ચ કરે છે. બીજીતરફ નગરની હરિયાળીને જાળવવા માટે પણ પાણીની વિશેષ જરૂરિયાત ઉભી થાય છે. પરંતુ પીવાના પાણીનો સપ્લાય બગીચાઓને કરવાનુ વધુ ખર્ચાળ પુરવાર થયા બાદ અગાઉ સરગાસણ ખાતે પાણી શુદ્ધિકરણ પ્લાન્ટ તૈયાર કરાયો હતો. જેના આધારે હાલ નગરના સ્વર્ણિમ પાર્ક સહીત સચિવાલયના ઉદ્યાનને પણ પાણી સપ્લાય કરવામાં આવી રહ્યુ છે. પરંતુ હજુ પણ નગરની હરિયાળી બરકરાર રાખવા માટે વધુ પાણીની જરૂરિયાત છે. જયારે જી ઈ બી થર્મલ પાવર સ્ટેશનને પણ પાણી સપ્લાય કરવાની અનિવાર્યતા છે. ત્યારે પાણીની જરૂરિયાતને સંતોષવા માટે સરગાસણમાં નવો શુધ્ધિકરણનો પ્લાન્ટ તૈયાર કરવામાં આવશે. હાલ સરગાસણમાં ૧૦ એમ એલ ડી નો પ્લાન્ટ કાર્યરત છે.

જયારે હવે નવો ૫૦ એમ એલ ડી નો પ્લાન્ટ તૈયાર કરાશે. જેના અંતે શહેરના અન્ય ઉદ્યાનો તેમજ જી ઈ બી થર્મલ પાવર સ્ટેશનને પણ પાણી સપ્લાય કરવામાં આવશે. આ કામગીરી પાછળ કરોડો રૂપિયાનો ખર્ચ કરાશે. આ કામગીરીને અનુલક્ષીને અગાઉ ટેન્ડર પ્રકીયા હાથ ધરવામાં આવી હતી. પરંતુ એક પણ એજન્સીએ રસ ન દાખવતા થોડા સમય અગાઉ આ મામલે બીજીવાર ટેન્ડર પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે. ટુંકમાં જ આ પ્રોજેકટને અનુલક્ષી ટેન્ડર આખરી કરી દેવાશે. ત્યાર બાદ જવાબદાર એજન્સીને વર્ક ઓર્ડર પણ આપી દેવાશે. ટુંકમાં કામ પણ શરૂ કરી દેવાશે.

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી.
એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ,
હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર,
વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા
ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT
Kisan
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર,
કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન)
ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા,
સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર
તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
BRIDGESTONE
apollo go the distance
એપોલો/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૯૭૭૩૪૧૭૮૩૮, ૮૧૪૦૪ ૬૦૭૬૭ (W)

જોઈએ છે
ધોરણ-૧૧ અને ૧૨ માટે શિક્ષક
વિષય : મનોવિજ્ઞાન, અર્થશાસ્ત્ર, અંગ્રેજી
અંધશાળા, પ્લોટ નં. ૧૫૬, બગીચાની સામે,
સેક્ટર નં. ૧૬, ગાંધીનગર
મો. નં. ૯૮૯૮૭૦૪૬૨૯, ૯૯૦૪૧૫૮૬૮૨

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન - ૨૩૨૨૨૫૭૧
ફોન - ૨૩૨૩૭૫૭૧

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com